# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

SGCCI

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2026-27/96 Dt. 08/09/2026

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર અને અમૃતમ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે 'વિરાટ હાસ્ય કવિ સંમેલન' યોજાયું

## સુરતમાં હાસ્ય, કાવ્ય અને પ્રખર રાષ્ટ્રચેતનાનો અનોખો ત્રિવેણી સંગમ સર્જાયો

### સંઘર્ષો વચ્ચે પણ હસતા મુખે જીવવું અને દેશપ્રેમની ભાવના જીવંત રાખવી એ જ સાચી તાકાત: ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

### જ્યાં કવિઓ અને સાહિત્યકારોનું સન્માન થાય છે તે સમાજ હંમેશાં શ્રેષ્ઠ બને છે: આરોગ્ય રાજ્યમંત્રી પ્રફૂલભાઈ પાનશેરિયા

### સરળ હૈ, શાંત હૈ... પડે જો મૌકા તો વો અંબે-ભવાની હૈ' – નારીશક્તિ પર ડૉ. તિશ્યા શ્રીની કાવ્યપંક્તિઓએ દિલ જીત્યા

### 'એક નેતા ખુરશી કો યૂં દેખતા હૈ, જૈસે જેઠાલાલ બબીતા કો દેખતા હૈ' – પાર્થ નવીનના તીખા રાજકીય વ્યંગ્ય પર શ્રોતાઓ લોટપોટ

### સુરત કલેક્ટર તેજસ પરમાર સહિત શહેરના અગ્રણી ઉદ્યોગપતિઓ અને મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિ

સુરત, 08 સપ્ટેમ્બર 2026:

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) અને અમૃતમ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે સરસાણા સ્થિત પ્લેટિનમ હોલ ખાતે 'વિરાટ હાસ્ય કવિ સંમેલન'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. દેશભરમાંથી પધારેલા સુપ્રસિદ્ધ કવિઓએ ગીત, ગઝલ, હાસ્ય-વ્યંગ્ય અને ઓજસ્વી રાષ્ટ્રભક્તિની રચનાઓ રજૂ કરી સુરતી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

**સંઘર્ષો વચ્ચે હાસ્ય એ જીવવાની શક્તિ: ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા**
સ્વાગત પ્રવચન કરતાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, "જીવનમાં હાસ્ય અને ઉત્સાહ માત્ર ક્ષણિક મનોરંજન નથી, પરંતુ સંઘર્ષો વચ્ચે પણ અડગ રહીને હસતા મુખે આગળ વધવાની આંતરિક શક્તિ છે. ખુશહાલ રહેવું, નિરંતર પ્રગતિ કરવી અને દિલમાં દેશપ્રેમની જ્યોત હંમેશાં પ્રજ્વલિત રાખવી એ જ સાચો જીવનમંત્ર છે."

**સાહિત્યકારોનું સન્માન શ્રેષ્ઠ સમાજનું લક્ષણ: આરોગ્ય રાજ્યમંત્રી પ્રફૂલભાઈ પાનશેરિયા**
મુખ્ય અતિથિપદેથી સંબોધન કરતાં રાજ્યના આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફૂલભાઈ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, "હાસ્ય અને શૌર્ય એ માનવ મગજમાં સમાંતર ચાલતા અનોખા પ્રવાહો છે. હાસ્ય પાછળ સ્થિતપ્રજ્ઞતા છુપાયેલી હોય છે. જે દેશ કે સમાજમાં કવિઓ અને લેખકોનું સન્માન જળવાય છે, તે સમાજ સદાય શ્રેષ્ઠ રહે છે." તેમણે ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યોને બિરદાવતી કાવ્યપંક્તિઓ તથા રમૂજી પ્રસંગો રજૂ કર્યા હતા.

**કવિઓની અનોખી રચનાઓ અને હાસ્યની રમઝટ:**
• **ડૉ. તિશ્યા શ્રી (પટના):** તેમણે નારીશક્તિના ગૌરવ, સમર્પણ અને રૌદ્ર સ્વરૂપને ઉજાગર કરતી કાવ્યરચના રજૂ કરી શ્રોતાઓને ભાવવિભોર કર્યા હતા:
" સરળ હૈ, શાંત હૈ, સુલઝી હુઇ-સી એક કહાની હૈ,
કભી કિરદાર બેટી કા, કભી રાજા કી રાણી હૈ,
જટિલ સબ મામલો કો, હલ વો કરતી હંસ કે પલભર મેં,
પડે જો મૌકા તો ફિર વો અંબે-ભવાની હૈ."

• **શ્રી પાર્થ નવીન (પ્રતાપગઢ):** સમકાલીન રાજકારણ અને દેશમાં ચર્ચાસ્પદ બનેલા ક્રાઈમ બનાવોને કોમેડી શૈલીમાં ઢાળી ચોટદાર વ્યંગ્ય કર્યો હતો. નેતાઓ પર કટાક્ષ કરતાં તેમણે કહ્યું હતું કે, "એક નેતા ખુરશી કો યૂં દેખતા હૈ, જૈસે જેઠાલાલ બબીતા કો દેખતા હૈ!" આ ઉપરાંત દેશપ્રેમ અને સામાજિક એકતાનો સંદેશ આપતું "જગ ઘૂમિયા તેરે જૈસા ન કોઈ" ગીત લલકારી તેમણે શ્રોતાઓને ડોલાવ્યા હતા.

• **સુશ્રી કવિતા તિવારી (લખનઉ):** દેશભક્તિ અને પ્રખર રાષ્ટ્રચેતનાથી ઓતપ્રોત ઓજસ્વી વીરરસની કવિતાઓ ગુંજવી હોલમાં ઉપસ્થિત સૌમાં દેશપ્રેમનો નવો સંચાર કર્યો હતો.

• **શ્રી શશિકાંત યાદવ (દેવાસ):** મંચ સંચાલક અને ગીતકાર તરીકે તેમણે સમગ્ર કવિ સંમેલનમાં પોતાના ધારદાર સંચાલન અને ગીતોથી અખૂટ ઉર્જા જાળવી રાખી હતી.

• **શ્રી ચિરાગ જૈન (નવી દિલ્હી):** પ્રેમ સંબંધો અને માનવીય સ્વભાવ પર તાર્કિક હાસ્ય-કટાક્ષો રજૂ કરી હોલમાં ખડખડાટ હાસ્ય ફેલાવ્યું હતું.
• **ડૉ. વિષ્ણુ સક્સેના (અલીગઢ):** પોતાના મધુર અને ભાવસભર ગીતો તેમજ ગઝલો દ્વારા કાવ્યરસિકોના હૃદયને સ્પર્શી ગયા હતા.

આ કવિ સંમેલનમાં સુરત શહેર કલેક્ટર શ્રી તેજસ પરમાર, રૂંગટા ગ્રૂપના ચેરમેન શ્રી અનિલ રૂંગટા, જિલ્લા સરકારી વકીલ શ્રી નયન સુખડવાલા, અગ્રણી ઉદ્યોગપતિ શ્રી સાંવરમલ બુધિયા, ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયા, માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલ, તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી તેમજ પૂર્વ પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા. અમૃતમ ફાઉન્ડેશનના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી કુંજ બિહારી પંસારીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું, જ્યારે સમગ્ર કાર્યક્રમનું ઔપચારિક સંચાલન સુશ્રી ડિમ્પલ મિશ્રાએ સંભાળ્યું હતું.